પાટણનું ગૌરવ



પાટણના રમકડાં

June 2016

# પાટણ પ્રતિબિંબ
# PATAN PRATIBIMB

Year 10 • Issue 6 / 116 • Mumbai • Page 16 • Price Rs. 2/–
• RNI. Regd. No. MAHGUJ/2006 / 18379

## શ્રી પાટણ જૈન મંડળનું મુખપત્ર

ટેલિફોન : 2281 1346 • 22811218 • Mobile: 9167902267 • www.patanmandal.org • Email : patanmandal@gmail.com

## પ્રમુખ સ્થાનેથી...



શાળા-કૉલેજોની પરીક્ષાના પરિણામોની જાહેરાત શરૂ થઈ ગઈ છે, જે વિદ્યાર્થીઓ સારા માર્કે ઉત્તીર્ણ થયા છે તેમને મારા ખાસ ખાસ અભિનંદન. આપ સૌ જાણો છો તેમ શ્રી પાટણ જૈન મંડળ શિક્ષણને ખૂબજ પ્રાધાન્ય આપી રહ્યું છે. પહેલા અમારું લક્ષ્ય દરેકે દરેક વિદ્યાર્થીને ગ્રેજ્યુએટ બનાવવાનું હતું મને આનંદ થાય છે કે આજે પાટણ સમાજમાં મોટા ભાગના વિદ્યાર્થીઓ સ્પેશિયલાઈઝેશન સાથે પોસ્ટ ગ્રેજ્યુએટ/ ડબલ ગ્રેજ્યુએટ થઈ રહ્યા છે.

સમયની માંગ પ્રમાણે વિવિધ ક્ષેત્રમાં આ વિદ્યાર્થીઓની પ્રગતિ જોઈને મંડળ આનંદ અને ગૌરવ અનુભવે છે. પાટણનો સમાજ ખૂબ જ શિક્ષિત અને સુસંસ્કૃત સમાજ તરીકે ઓળખાઈ રહ્યો છે. આપણા સમાજમાં જે પ્રમાણે એન્જિનિયર્સ, ચાર્ટડ એકાઉન્ટટન્સ, કંપની સેક્રેટરી, ડોક્ટર્સ, MBA વિગેરેની સંખ્યા દિન-પ્રતિદિન વધતી જાય છે, તે જોતા સમાજનું ભવિષ્ય ઉજ્જવળ દેખાઈ રહ્યું છે. ઉપરાંત મોટા ભાગના વિદ્યાર્થીઓ પ્રતિષ્ઠિત બહુરાષ્ટ્રીય કંપનીઓ માટે કામ કરે છે તે માટે પણ સમાજ ગર્વ અનુભવે છે.

આ વરસે હું તમામ વિદ્યાર્થીઓને તથા વાલીઓને અપીલ કરું છું કે, આપને ઉચ્ચ શિક્ષણને લગતા ખર્ચ કે શિક્ષણને લગતા અન્ય પ્રશ્નો માટે જરૂરથી મંડળની એજ્યુકેશન કમિટિનો સંપર્ક સાધી શકો છો. જે વિદ્યાર્થીઓને ઉચ્ચ અભ્યાસ માટે વિદેશ જવું હોય તેમને પણ વિશેષ સહાય આપવામાં આવે છે. કોઈપણ વિદ્યાર્થીને આર્થિક કારણસર અભ્યાસમાં તકલીફ ન પડે તે જ મંડળનું લક્ષ છે.

મને જણાવતાં આનંદ થાય છે કે, **સને ૨૦૧૫-૧૬ના કાર્યકાળ દરમ્યાન મંડળના વિવિધ કોરપસ ફંડ ખાતે લગભગ રૂા. ૮૩ લાખ પ્રાપ્ત થયા છે. આ ઉપરાંત જીવનસૌરભ પ્રવૃત્તિ, દાંડિયારાસ, નવકાર મંત્રજાપ, ટ્રેડફેર આયોજન, ક્રિકેટ ટુર્નામેન્ટ, સમાજ વિકાસ ફંડ તેમજ મંડળની વિવિધ પ્રવૃત્તિઓમાં રૂા. ૧.૨૨ કરોડ મળ્યા છે. આ પ્રમાણે કુલ રૂા. ૨.૦૫ કરોડની આવક થઈ છે.** તે બદ્દલ હું સર્વે દાતાઓનો અંતઃકરણપૂર્વક આભાર માનું છું.

(વધુ માટે જુઓ અનુસંધાન પાનું પાંચ)

## *From President's Desk...*

Results of school & colleges have already been declared and I wish to congratulate all students who have passed with great marks. You all know that PJM have always given importance to Education. For years, we have been striving to see that all Patani students become graduate but we are proud to say that now in Patan Samaj many of the students are post graduates with specialisation.

Patan Samaj is known for both its education and culture. By looking at the increased number of Engineers, CA's, Doctors and MBA's, future of Patan Samaj is bright. We are proud to know that many of our students have been working with prestigious multinational companies.

I like to draw attention of all students and their guardians that if they need any financial help for higher education, they can contact our education committee. Those students who wish to go abroad for higher studies they too can receive monetary help. Our aim is that no student should have any kind of financial difficulties that will hinder their education.

I am glad to inform that **for the financial year 2015-2016, we have collected of Rs. 83 Lacs in various corpus fund of mandal. Besides that Jeevan Saurabh activities, Dandiya Raas, Navkar Mantra Jap, Trade Fair, Cricket Tournament, SocialUpliftment fund and through other various activities we have collected Rs. 1.22 Crore total collection of Rs. 2.05 Crore.** I thanks to all the donors for this great contribution.

(Cont'd on Pg 5)

- Fashion boutique for females.
- We offer multiple range of Designer Sarees, Dresses and Chaniya Cholis for Wholesale and Retail both.
- We design personalized orders too.
- Bags, Clutches & Accessories also available for Gifts at wholesale rates.

**PALKARA BOUTIQUE**
Bhavna Shah
09323645055





**RAJ YOGA**
**Devang Shah**
**9819990861**

- Reduce stress, Regain focus, And live the life at its best.
- Weight management program,
- Solutions to lifestyle disorders,
- Improve concentration level in kids,
- Many health problems can be reduced in a simple way of asanas.
- Group batches are also available for children's, kitty groups, societies, offices etc.

- Mumbai's leading toys & books library with 1000+ toys & books to choose from
- Get new toys and book every week for your kids.
- Colorful worksheet subscription for kids above 3 years
- Learn Spanish, Japanese, French, Chinese, German etc.
- Learn how to draw & play with colors for just 300/- P.M.

TOYS&US

**Toys & Us**
**Toy and book library**
**Parin Jhaveri Shah**
**76666 36 123**

**BZee Events**
**BHADRIK ZAVERI**
**9322226226,**
**9869046226.**

- We organize different types of Events
- Musical Night, Dandia Raas, Devotional Show, Drama, Wedding Ceremony, Karaoke Setup, Birthday Party, Anniversary, Gazal Night and other events.





- Expert Admissions & VISA Counseling Services
- Successfully counselled over 2000 students
- Prepare for SAT, GRE, GMAT, IELTS, TOEFL, PTE & PROFILE ENHANCEMENT
- Apply to USA, UK, Canada, Australia, NZ, Singapore, Italy, Germany and many more.

**DREAM UNI ABROAD**
**EDUCATION CONSULTANCY**
**Ms. Jyoti Shah Doshi**
**M: 99203 98885/**
**LL: 28895694**
**dreamuni4me@gmail.com**

**YASHVI ART JEWEL**
**SHEETAL SHAH**
**9821569299**

- From MAANG TIKKA to PAYAL
- KOREAN JEWELLERY, GIFT ARTICLES,
- DIFFERENT FLAVOURS OF CHOCOLATE, ORIGINAL ATTAR,
- SPECIAL THANDAI POWDER, SURAT COLD COCOA, DOSA KHAKHRA





The one stop shop for designer bags, trendy clutches and much more....
We help add a lil extra sparkle to your style
We also take bulk orders for gifting purpose for various occasions.

**KEEP CALM AND SPARKLE ON**

***"PJM trade fair was the first time I participated in an exhibition. It was a very enthralling and fortifying experience."***

**Contact**
**Chetna Vora**

**9870221086**

**voraamit3@hotmail.com**








**Designer Wear &**
**Dress Material**
**Mehandi • Khakhra**

**Contact**
**Ms. Sarla**
**Patan Jain Mandal,**
**78/8, Gr. Floor, Tel. 22816544**
**Mobile : 9920844551**

## PATANIS BUSINESS GROUP
## A new networking initiative

PJM ECONOMIC & SOCIAL WELFARE COMMITTEE IS PLEASED TO ANNOUNCE LAUNCH OF

**PATANIS BUSINESS GROUP (PBG)**

- ECONOMIC EMPOWERMENT
- NETWORKING FOR YOUR PRODUCTS & SERVICES
- BOOST MARKETING & SALES EFFORTS
- SUSTAINABLE BUSINESS GROWTH
- LOW COST EFFECTIVE MARKETING PLATFORM

TO LEARN MORE ATTEND
PRESENTATION BY **DEVESH SHAH**
ON SUNDAY **10TH JULY 2016**, 9.30 AM
@ PJM SABHAGRUH, MARINE DRIVE, MUMBAI-20
ALL INTERESTED ENTERPRISING PEOPLE REGISTER YOUR NAME, MOBILE & EMAIL AT PJM OFFICE
TEL: 22811218 or at patanmandal@gmail.com

## પટ્ટણી વ્યાપાર સંગઠન
## એક નવી વ્યવસ્થા તરફનું પ્રથમ ચરણ

**શ્રી પાટણ જૈન મંડળ**
**ઈકોનોમિક અને સોશિયલ અપ્લીફમેન્ટ સમિતિ**
**સહર્ષ જાહેર કરે છે**
**પટ્ટણી બીઝનેશ ગ્રુપના પ્રારંભની**

વધુ જાણકારી માટે પધારો
**પ્રસ્તુત કર્તા: દેવેશ શાહ**
રવિવાર, તા. ૧૦-૭-૨૦૧૬ સવારે ૯.૩૦ કલાકે
શ્રી પાટણ જૈન મંડળ સભાગૃહ, મરીન ડ્રાઈવ, મુંબઈ-૨૦

**ઉદ્દેશો**

- આર્થિક સક્ષમતા અને સશક્તિકરણ.
- તમારા ઉત્પાદનો અને સેવાઓ માટે યંત્રણા ગોઠવવી.
- જુસ્સાભેર પ્રચાર અને વેચાણ માટેના પ્રયત્નો હાથ ધરવા.
- વધતા વ્યાપારને ટકાઉ - કાયમી બનાવવા આધાર આપવો.
- ઓછા ખર્ચે અસરકારક જાહેરાત માટેનું મંચ.

ઉત્સાહિત સભ્યોએ પોતાનું નામ, મોબાઈલ અને ઈમેલની વિગતો આપી પોતાનું નામ ૨૨૮૧૧૨૧૮ ઉપર નોંધાવવું.
patanmandal@gmail.com

## પાટણનું ગૌરવ

# હસ્તકળા માટીનાં રમકડાં





મોર, પોપટ, ચકલી, કબૂતર, પાણી પીતો હાથી, જાદુઈ લોટો, વાસુદેવ પ્યાલો, પાણીમાં તરતો કાચબો, તરતો દેડકો ઉપરાંત કેટકેટલાં રમકડાં! અને તેય માટીના! પાટણના પ્રખ્યાત માટીનાં આ રમકડાં મેળામાં મળે, પાટણની બજારમાં મળે, મુંબઈ, મદ્રાસ, કલકત્તા, દિલ્હી જેવા મહાનગરોની બજારમાં પણ મળે! મળે જ ને; કારણ કે આ રમકડાં નરવાં, ગરવાં, સોહામણા અને આકર્ષક છે તેથી એ લોકપ્રિય થઈ ચૂક્યાં છે.

ભોગીલાલ ઓતિયાનો ચાકડો કરવા માંડે, તેની ઉપર ભીની માટીનું પિંડ બને અને એ પિંડ પર ઓતિયાની આંગળીઓ કરામત કરી ચૈતન્ય ઉમેરી પળભરમાં આકર્ષક રમકડું તૈયાર કરી દે! ભોગીલાલ ચીમનલાલ ઓતિયાનો આ પરિવાર છેલ્લી પાંચ છ પેઢીથી આ વ્યવસાય સાથે સંકળાયેલો છે. મહારાજા સયાજીરાવ ગાયકવાડે





ચીમનાભાઈ ઓતિયાને આ કલામાં વિશિષ્ટ યોગદાન બદલ પ્રમાણપત્ર આપી નવાજ્યા છે, તો ૧૯૯૯માં ગુજરાત સરકારે માટી કલાના વિશિષ્ટ કલાકાર તરીકે સન્માન્યા છે.

હસ્તકલા વિકાસ નિગમના અનેક ગુર્જરી પ્રદર્શનોમાં માટીના આ રમકડાએ રંગ રાખ્યો છે. ઓલ ઈન્ડિયા હોન્ડીક્રાફ્ટ બોર્ડ આયોજિત નવી દિલ્હીના પ્રદર્શનમાં અંબાડીવાળા હાથીએ પ્રથમ ઈનામ મેળવેલું, આ હાથીએ ગુજરાત માહિતી કેન્દ્ર મ્યુઝિયમમાં સ્થાન જમાવ્યું છે. આ પરંપરાગત માટીનાં રમકડાં ઉદ્યોગમાં આ પરિવાર સહિત પંદર જેટલાં પ્રજાપતિ પરિવારની પણ મોહરિયત છે. પહેલાંના કારીગરો હાથેથી ઘુમાવીને મશીનની જેમ ચાકડો ફેરવતા તે જોવાની મજા હવે જતી રહી છે કારણકે ઈલેક્ટ્રિક મશીનના ચાકડા આવી ગયા છે.

માટીનાં આ આકર્ષક રમકડાંની જેમ જ નાગદેવતા, સોહામણો કાનુડો, રાધાકૃષ્ણ, શિવજી, ગણેશજીની મૂર્તિઓ પણ સોહામણી હોય છે. લોકોત્સવ દરમ્યાન ઉત્સવ અનુરૂપ મૂર્તિઓ બનાવવામાં આવે છે. ગામઠી જીવનમાં ઉપયોગી દોણી, કૂંડા, કડાયા, ધુપિયા, વાડકાં અને હોકા પણ લોકપ્રિય છે. બાળકોને નાની બચત માટે પ્રોત્સાહિત કરતા માટીના ગલ્લા બાળકોમાં લાડકાં બની ગયાં છે અને માટીની સિસોટી તો વહાલી બની ગઈ છે.

પાટણની જાણીતી ચીજોમાં માનીતા છે - પાટણના માટીના રમકડા...

**સૌજન્ય : મિલેનિયમ હિસ્ટ્રી ઓફ પાટણ**


**અબોલ અને અપંગ જીવોને અભયદાન બક્ષનાર કળિયુગની કર્મયોગી પ્રાણવાન સંસ્થા**

Pan No. : AAATP2551M

**શ્રી પાટણ પાંજરાપોળ સંચાલિત** આઝાદ ચોક, પીંપળાશેરી, પાટણ (ઉ.ગુ.)-૩૮૪૨૬૫ • ફોન: (02766)220203

**શ્રીમતી કુસુમબેન અમૃતલાલ શાહ : પશુ આશ્રય સંકુલ (ખલીપુર) ફોન : ૦૨૭૬૬-૨૯૨૨૮૧ ટ્રસ્ટ રજી.નં. ઈ-૩૯૯ (પાટણ)**

સંપર્ક : **શ્રી નિખિલભાઈ આર. શાહ** : C/o પારકો એન્જિનિયરીંગ કોર્પોરેશન, ૪૯૭, એસ.વી.પી. રોડ, રૂપરાજ બિલ્ડીંગ, ઓપેરા હાઉસ, મુંબઈ-૪. ૯૩૨૨૨૨૭૬૪૩
**શ્રી મહેન્દ્રભાઈ કે. શાહ** : પ્રવીણચંદ્ર એન્ડ કું. ૬૦૨, હેરીટેજ પ્લાઝા, તેલીગલી ક્રોસ રોડ, અંધેરી (ઈ), મો. ૯૮૨૧૦૧૨૫૧૮
**શ્રી સંદીપભાઈ આર. શાહ** : રેશ્મો મેક ટુલ્સ સેન્ટર, ૮૪/૮૬ અબ્દુલ રહેમાન સ્ટ્રીટ, મુંબઈ - ૩, મો. ૯૮૨૦૦૩૮૨૭૫

- પરિવારમાં જન્મદિનને બનાવો અમારો અભયદિન
- લગ્નોત્સવને બનાવો અમારો જીવનોત્સવ
- સ્વજનના મૃત્યુનો શોક અભયદાનના બળે હળવો બનાવો
- અસહ્ય વેદનામાંથી પશુઓના પ્રાણ ઉગારો
- આપના શ્રીસંઘના જીવદયાની ટીપમાંથી શ્રી પાંજરાપોળને મહદ ફાળો આપવા વિનંતી
- ધાર્મિક મહોત્સવને જીવદયાનો ઉત્સવ બનાવો
- વિકટ સંજોગોમાં આપના આર્થિક સહયોગની અપેક્ષા!
- પશુરોગ સારવાર અને શસ્ત્રક્રિયા કેમ્પ

**લાખ દુ:ખોની એક દવા હૃદયથી કરો ગૌ સેવા**

**તા. ૫-૭-૧૫ના રોજ નાના-મોટા પશુઓની સંખ્યા આશરે ૨૩૨૧**

**જીવદયા માટેની વિવિધ યોજનાઓ**

| | | | |
|---|---|---|---|
| કાયમી શેડ ફંડ | રૂા. ૧૦૧૦૦૦ | આધાર સ્થંભ | રૂા. ૫૧૦૦૦ |
| **લાભાર્થીઓના નામ આરસની તક્તી પર ખલીપુર ખાતે લખવામાં આવશે.** | | | |
| કાયમી નિભાવ ફંડ | રૂા. ૨૧૦૦૦ | લીલા ઘાસની ગાડી | રૂા. ૩૧૦૦૦ |
| વાર્ષિક પશુ દત્તક યોજના | રૂા.૧૧,૦૦૦ | સૂકા ઘાસની ગાડી | રૂા. ૪૧૦૦૦ |
| **લાભાર્થીઓના નામ તિથિના દિવસે પાટણ પાંજરાપોળ તથા ખલીપુર પશુ આશ્રય સંકુલ ખાતે બોર્ડ પર લખવામાં આવશે.** | | | |

સંસ્થાને આપેલ દાન ઈન્કમ ટેક્ષ એક્ટ ૮૦ જી હેઠળ કરવેરામાં રાહતનેપાત્ર છે

advt

## પ્રમુખસ્થાનેથી... (અનુસંધાન પૃષ્ઠ પહેલાથી ચાલુ)

પાટણ ખાતે શ્રી પાટણ જૈન મંડળ સંચાલિત આર્ટસ, સાયન્સ અને કોમર્સ **કૉલેજના નવા મકાનનું ગયા વર્ષે આપણે ભૂમિપૂજન કર્યું હતું. આ માટે ચાર દાતાઓ તરફથી રૂા. ૮.૭૫ કરોડના દાનની જાહેરાત થઈ હતી, એ પેટે રૂા. ૨.૯૦ કરોડ પ્રાપ્ત થયા છે.** આ માટે આ ચારેય દાતાઓનો હૃદયપૂર્વક આભાર માનું છું. આપણે આશા રાખીએ કે, જલ્દીથી જલ્દી નવા મકાનનું કામ પૂર્ણ થાય.

**સને ૨૦૧૫-૧૬ના વર્ષ દરમ્યાન જીવન સૌરભ, વિકલાંગ યાત્રા પ્રવાસ, મેડીકલ કેમ્પ, અપરિણિત યુવક-યુવતિઓનું સ્નેહમીલન, પર્યુષણ વ્યાખ્યાનમાળાના ભાગ રૂપે પ્રવચન, તેજસ્વી વિદ્યાર્થીઓ માટેનો ઈનામી - વિતરણ સમારંભ, શેઠ મોતીશા નાટક, સાંસ્કૃતિક કાર્યક્રમ, નૂતન વર્ષ સ્નેહ સમ્મેલન સહિત લગભગ ૧૫ થી વધુ કાર્યક્રમોનું સફળતાપૂર્વક આયોજન કરવામાં આવ્યું હતું જેમાં પાટણના ઘણાજ પરિવારોએ ઉત્સાહપૂર્વક ભાગ લઈને કાર્યકરોનો ઉત્સાહ વધાર્યો છે.** આ પ્રસંગે આ તમામ કાર્યક્રમોની સફળતા માટે હું જે તે સમિતિના માનદમંત્રીઓ, સભ્યો તેમજ અન્ય તમામ નાના-મોટા કાર્યકર્તાઓને અને મંડળના કર્મચારીઓને અભિનંદન આપું છું.

હું આશા રાખું છું કે, આ વર્ષે પણ આવો જ ઉત્સાહ જળવાઈ રહેશે. દાતાઓના સાથ અને સહકાર દ્વારા શ્રી પાટણ જૈન મંડળ વધુને વધુ પ્રગતિ કરે એ જ પ્રાર્થના સાથે....

❑ દિનેશ શાંતિલાલ શાહ

## FROM PRESIDENT'S 1DESK...(Cont. from Page 1)

Last year, we had laid foundation stone for **Arts, Science & Commerce College in Patan. For this 4 Donors have announced to contribute Rs. 8.75 Crore. Out of this we have already received Rs. 2.90 Crore.** I thank all the donors for their generous contribution and wish that the construction of the new college building will be completed fast.

**During the year 2015-2016 JeevanSaurabh, Viklang trip, Medical Camp, Yuva Snehmilan, Paryushan Vakhyan, Prize Distribution for talented Kids, Seth Motishah Drama, Cultural Program, Nutan Sneh Milan and various other programmes were organised. Each programme was a great success & Patanis had participated with great enthusiasm.** I thank all the committee members and office bearers for making all the events a great success.

I hope this year too everybody's enthusiasm will continue & increase. I hope that PJM succeeds in leaps & bounds because of the all round participation of Donors, all Committee Members and the most important, Patan Samaj.

❑ Dinesh Shantilal Shah

## ગૂર્જર દેશના પ્રાચીનતમ નગર અણહિલપુર પત્તન-પાટણના આંગણે

સિદ્ધહસ્તલેખક, સૂરિમંત્ર પ્રભાવક **પૂ. આચાર્યદેવ શ્રીમદ્ વિજય પૂર્ણચંદ્રસૂરીશ્વરજી મહારાજા** હૃદયસ્પર્શી પ્રવચનકાર, શ્રુતરક્ષા સંકલ્પ શિલ્પી, **પૂ. આચાર્ય શ્રી વિજય યુગચંદ્રસૂરિજી મહારાજ નો ચાતુર્માસ પ્રવેશોત્સવ.**

જિનશાસનની શાન વધારતું ઐતિહાસિક નગર એટલે અણહિલપુર પાટણ એવી પુણ્યભૂમિની અસ્મિતાને વધારવા અને જ્ઞાનનાં અજવાળા પાથરવા વિ.સં. ૨૦૭૨ વર્ષે સિદ્ધહેમ જ્ઞાનપીઠ તથા પાટણ જૈન સંઘની આગ્રહભરી વિનંતીનો સ્વીકાર કરી શ્રી નગીનદાસ પૌષધશાળા મધ્યો ઉભય આચાર્ય ભગવંતો સપરિવાર ચાતુર્માસાર્થે પધારી રહ્યા છે.

**ચાતુર્માસ પ્રવેશદિન: વિ.સં. ૨૦૭૨, અષાઢ સુદ ૬, રવિવાર તા. ૧૦-૭-૨૦૧૬ સ્વાગત યાત્રા પ્રારંભ સ્થળ :** બગવાડા દરવાજા, પાટણથી સવારે ૮.૩૦ કલાકે. પૂજ્યોના આગમન અવસરના સાક્ષી બનવા આપ સૌને સપરિવાર પધારવા હાર્દિક આમંત્રણ છે.


## શ્રી પાટણ પંચાયત ફંડ સંચાલિત શેઠાણી હિરાલક્ષ્મી પુનમચંદ કોટાવાળા જૈન ભોજનશાળા

ટાંગડિયા વાડો, પાટણ-ફોન : ૦૨૭૬૬-૨૨૫૮૫૩

### નૂતન સહાય યોજના

**મુખ્ય આધાર સ્થંભ : રૂા. ૩,૧૧,૦૦૦/- • સહાયક આધાર સ્થંભ : રૂા. ૧,૧૧,૦૦૦/-**

**કાયમી તિથિ: રૂા. ૩૧,૦૦૦/- • દાતા ફોટો યોજના : રૂા. ૩૧,૦૦૦/-** રકમ આપનાર દાતાનો ફોટો ભોજનશાળા હૉલમાં મૂકવામાં આવશે.

**વાર્ષિક ચતુર્વિધ સંઘ ભક્તિ સહાયક યોજના : રૂા. ૨,૫૦૦/-** ચતુર્વિધ સંઘ ભક્તિનો એક દિવસની તિથિનો લાભ મેળવી શકો છો.

**તિથિના દિવસે બોર્ડ પર લાભાર્થીના નામ લખવામાં આવશે.**

**આ સંસ્થાને અપાતું દાન ૮૦-જી અનુસાર કરવેરામાં રાહતને પાત્ર છે**

સાધુ, સાધ્વી, શ્રાવક, શ્રાવિકા એટલે કે ચતુર્વિધ સંઘ જૈની ગણના જૈનશાસ્ત્રમાં પચ્ચીસમાં તીર્થંકરની બરાબર કરવામા આવેલ છે.
એ ચતુર્વિધ સંઘની ભક્તિનું ઉત્કૃષ્ટ કાર્ય આપણા વડીલોએ સ્થાપેલ પાટણની આ ગૌરવવંતી સંસ્થા છેલ્લા ૧૧૦ વર્ષથી કરતી આવી છે.
આપશ્રી પણ આપની ભાવના અનુસાર ઉપરોક્ત કોઈપણ યોજનામાં સહયોગ આપી સમાજસેવાનું અતિ ઉત્કૃષ્ટ કાર્ય કરી શકો છો.

**વધુ વિગત માટે સંપર્ક : શ્રી મહેન્દ્રભાઈ કસ્તુરચંદ શાહ - મો. ૯૮૨૧૦૧૨૫૧૮**

**• સૌજન્ય : મે. પ્રદીપકુમાર ફાર્મા પ્રા. લિ. તથા મે. કે. સેવંતીલાલ એન્ડ કાં., મુંબઈ •**

ADVT

તંત્રી સ્થાનેથી...

# જે થાય છે એ સારા માટે જ થાય છે

માણસ ફક્ત આશા, અપેક્ષા અને અરમાનો ઉપર જ જીવતો હોતો નથી. પરંતુ આશ્વાસન ઉપર પણ જીવતો હોય છે. નિષ્ફળતા અને કપરા સમયમાં માણસને બે વસ્તુની સૌથી વધુ જરૂર પડે છે. એક સહાનુભૂતિ અને બીજું આશ્વાસન. સફળતા એ જિંદગીની હકીકત છે તો નિષ્ફળતા એ પણ જીવનનું સત્ય છે. કોઈ માણસ ક્યારેય હંમેશા સફળ થતો હોતો નથી. કોઈ નિષ્ફળતા પણ કાયમી હોતી નથી. કોઈપણ મહાન માણસની કિતાબ લઈને વાંચી જુઓ, એ ક્યારેક તો નિષ્ફળ ગયો જ હોય છે. કોઈના વિશે જાણીએ ત્યારે પણ સરવાળે તો આપણે આશ્વાસન જ મેળવતાં હોઈએ છીએ. જોયું, એ કેવી ખરાબ પરિસ્થિતિમાંથી બહાર આવ્યો છે ? એને પણ પુરુષાર્થ કરવો પડ્યો છે.

દરેક માણસે પોતાની લડાઈ પોતાની રીતે લડવાની હોય છે. કોઈની લડાઈ સહેલી હોય છે, તો કોઈની અઘરી. કોઈની લડાઈ ટૂંકા ગાળાની હોય છે તો કોઈ લોંગ ટર્મની. લડાઈ તો હોવાની જ છે. યાદ રાખવા જેવી વાત એ જ હોય છે કોઈ લડાઈ હારી ગયા એટલે કંઈ ખતમ થઈ જતું નથી. કોઈપણ કલાકારની વાત લઈ લ્યો, બધી ફિલ્મો કોઈની સફળ થઈ નથી. કોઈ ખેલાડીનું પર્ફોમન્સ એકસરખું રહ્યું નથી. સચીન તેંડુલકર પણ અનેક વખત ઝીરોમાં આઉટ થયો છે. આપણે આપણી નિષ્ફળતાને કઈ રીતે લઈએ છીએ તેના ઉપર આપણા ભવિષ્યનો આધાર હોય છે. હા, ઘણી વખત આપણને એવું લાગતું હોય છે કે બધું ખતમ થઈ ગયું છે. હવે હું કંઈ કરી શકીશ નહીં. મારું કોઈ ફ્યુચર નથી. હું ક્યારેય સફળ નહીં થાઉં, આવું આપણને ફીલ થતું હોય છે, પણ ખરેખર એવું હોતું નથી. એ કામચલાઉ જ હોય છે. આપણે નિષ્ફળ જઈએ ત્યારે આપણા તરફ સાંત્વના કે સહાનુભૂતિ બતાવનાર એવું આશ્વાસન આપતા હોય છેકે જે થતું હશે એ સારા માટે જ થતું હશે. બધું સમુંસૂતરૂં થઈ જશે. ગોડ મસ્ટ હેવ બેટર પ્લાન્સ ફોર યુ.

એક યુવાનની વાત છે તેને ખોટા આક્ષેપો કરી નોકરીમાંથી કાઢી મુકાયો. તેનો કંઈ વાંક ન હતો. એ એટલો બધો ડિપ્રેસ થઈ ગયો કે તેણે આપઘાત કરવાનું નક્કી કરી લીધું. એ આપઘાત કરવા જતો હતો. ત્યાં તેને સાધુ મળ્યા. તેમણે યુવાનને પૂછ્યું કે શું થયું ? યુવાને બધી વાત કરી કે તેને નોકરીમાંથી કાઢી મુકાયો છે અને પોતે આપઘાત કરવા જઈ રહ્યો છે. સાધુએ કહ્યું કે હતાશ ન થા. જે થતું હશે એ સારા માટે થતું હશે, પરંતુ યુવાન કોઈ વાતે માનવા તૈયાર ન હતો.

સાધુએ ત્યારે બીજો રસ્તો અજમાવતા કમંડળમાંથી એક ફૂલ કાઢ્યું. યુવાનને આ ફૂલ આપ્યું અને કહ્યું કે આ તારી પાસે રાખ. જોજે થોડા સમયમાં જરૂર કોઈ ચમત્કાર થશે. મરવાની ઉતાવળ ન કર. મરવું હોય તો પછી ક્યાં નથી મરાતું. તું થોડીક રાહ જો. મારા આ ફૂલનો ચમત્કાર જોજે. સાધુની વાત સાંભળી આ યુવાને આપઘાત કરવાનું માંડી વાળ્યું. સાધુ પણ ચાલ્યા ગયા.

થોડા સમય પછી તેને એક જોબની ઓફર આવી. અગાઉની જોબ કરતા વધુ પગારની અને ઊંચી પોસ્ટની. એને થયું જરૂર આ સાધુએ આપેલ ફુલનો ચમત્કાર છે માટે તે રોજ સુકાયેલ ફુલની પાંદડીઓ માથે ચડાવતો અને સાધુનો આભાર માનતો.

એક વખત જોબ ઉપર જતા રસ્તામાં તેને ફુલ આપનાર સાધુનો ભેટો થઈ ગયો. ત્યારે તેમને જોઈ તે યુવાન સાધુના પગે પડી ગયો અને પેલું ફુલ બતાવી બોલ્યો તમે આપેલ ફુલના પરિણામે મને જોબ મળી. સાધુએ તરત તે ફુલ લઈ ગટરમાં નાખી દીધું અને બોલ્યા, તું આપઘાત કરવા જતી વખતે મને મળ્યો એ પહેલાં હું એક બગીચામાં બેઠો હતો. ત્યાં એક ફૂલ પડ્યું હતું. મને ગમ્યું એટલે મેં કમંડળમાં નાખી દીધું. બગીચામાંથી નીકળ્યા ત્યાં તું મળી ગયો. તને આપઘાત કરતો અટકાવવા મેં ફૂલ આપ્યું અને ચમત્કારની વાત કરી. દરેકની જિંદગીમાં સારો નરસો સમય આવતો હોય છે. તું હારી ગયો હોત અને આપઘાત કરી લીધો હોય તો ?

જિંદગીમાં બધુ હંમેશા સારુ જ નથી થતું, ક્યારેક ખરાબ પણ થતું હોય છે આપણે એવું આશ્વાસન લેવું જોઈએ કે જે થયું તે સારા માટે ! કારણ તે નિષ્ફળતાં જ આપણને સફળતા તરફ દોરી જશે, આજે નાપાસ થયેલ વિદ્યાર્થી આવતા વર્ષે વધુ પરિશ્રમ કરી સારા નંબરે પાસ થવા પૂર્ણ પ્રયાસો કરશે.

સમજવાનું માત્ર એટલું જ હોય છે કે નિષ્ફળતા હંમેશા નથી રહેવાની, સફળતા મળે જ, પણ તેની રાહ જોવાની હોય છે એટલે તે નરશા પરિણામમાં પણ આપણને દેખાશે, જે થાય તે સારા માટે.

❑ સંપાદક સમિતિ


**મકાન વેચવાનું છે**

**પાટણ, ગોળશેરી વિસ્તારમાં, વખારના પાડામાં આવેલ ત્રણ મજલાનું મકાન, ઢંઢેરવાડાના દરવાજાની સામે આવેલ મકાન વેચવાનું છે.**

સંપર્ક : પ્રકાશ શાહ

મો. 9224426117

ADVT

PATOLA OF PATAN PVT. LTD

(National Award Winner 1983-State Award Winner 2006)

Mfg. of Double Ikat Patola, Scarves, Borders, Dupattas, Tablecloth etc.

Ashokbhai Salvi 09925233484 | Viral Salvi 09925651695 | Ujjaval Salvi 09825448498 | Nirmal Salvi 09898143484

Tel (91-2766) 232172 / 222182

Add: Patolawala Farm House, Out Side Fatipal Gate, Patan, (North Gujarat) - 384265 • visit us at : www.patolaofpatan.com

Email: viral@patolaofpatan.com • salvi.nirmal@gmail.com

ADVT

।। શ્રી ધર્મનાથ સ્વામિને નમઃ ।।　　　　।। શ્રી પ્રેમ-ભુવનભાનુ - જયઘોષસૂરીશ્વરજી સદ્‌ગુરુભ્યો નમઃ ।।

## પરમ પૂજ્ય સિદ્ધાંત દિવાકર, પરમ શ્રમણ ગચ્છાધિપતિ
## આચાર્ય દેવ શ્રીમદ્ વિજય જયઘોષ સૂરીશ્વરજી મહારાજાનો રેડિયમ જન્મોત્સવ

### સસ્નેહ નિમંત્રણ

સિલ્વર, ગોલ્ડન અને પ્લેટીનમ જૂબલીના સમયખંડને વટાવી, જીવનના આઠમા દાયકાના અંતિમ ચરણને પોતાના ગુણમય, જ્ઞાનમય અને પુણ્યમય વ્યક્તિત્વથી મઘમઘાયમાન કરતાં પરમ પૂજ્ય આચાર્યદેવ શ્રીમદ્ વિજય જયઘોષ સૂરીશ્વરજી મહારાજાની રેડિયમ જ્યુબિલીને ઉલ્લાસ, ઉત્સાહ અને ઉમંગથી ઉજવવા નીચે મુજબનાં પંચાહ્નિકા મહોત્સવનું આયોજન કરવામાં આવેલ છે.

### કાર્યક્રમની આછી ઝલક

**ગુણોત્સવ** : અષાઢ સુદ ૧૩, રવિવાર, ૧૭ જુલાઈ, ૨૦૧૬
• આર્ટ ગેલેરી ઉદ્‌ઘાટન • તપાગચ્છના વર્તમાન વિવિધ સમુદાયના આદ્ય ગણનાયકોના ગુણોત્કીર્તન • યુથ જંક્શન • **રાજા કુમારપાળ** - ઐતિહાસીક નાટિકા

**સંયમોત્સવ** : અષાઢ સુદ ૧૪, સોમવાર, ૧૮ જુલાઈ, ૨૦૧૬
• સામુહિક સામાયિક • સામુદાયિક આયંબિલ

**સંગીતોત્સવ** : અષાઢ સુદ ૧૫, મંગળવાર, ૧૯ જુલાઈ, ૨૦૧૬
• ગીત સંગીતના માધ્યમે ગુરુત્વ અને ગુરુતત્વનું મહિમાગાન • મહિલા શિબિર • સંગોષ્ઠિ

**પૂજનોત્સવ** : અષાઢ વદ ૧, બુધવાર, ૨૦ જુલાઈ, ૨૦૧૬
• અનંતલબ્ધિનિધાન ગુરુ ગૌતમસ્વામી ગુણ ગરિમાને ઉજાગર કરતું પુનિત પૂજન • **KBG** - કૌન બનેગા જ્ઞાની સ્પર્ધાનો ફાઈનલ રાઉન્ડ

**રેડીયમ જન્મોત્સવ** : અષાઢ વદ ૨, ગુરુવાર, ૨૧ જુલાઈ, ૨૦૧૬
• પૂજ્યપાદ ગચ્છાધિપતિશ્રીના જીવનના ૯મા દાયકામાં પ્રવેશની પાવન ક્ષણનો અહેસાસ.
• SAND ART

**જ્યાં આંખો ભીંજાઈ જાય છે, જ્યાં કંઠ ગદ્‌ગદ થઈ જાય છે...**
**જ્યાં હૃદય ઓગળી જાય છે.... જ્યાં હોઠ બીડાઈ જાય છે ને હૈયું ખુલી જાય છે.**

**ઉત્સવ સ્થળ**

**''જવાહર'' નગરી**

શારદામંદિર મ્યુનિ. ગ્રાઉન્ડ, અમદાવાદ

સંસારી પણે પાટણના કેશુશેઠના પાડાના પનોતા પુત્રના જન્મોત્સવમાં પધારવા ભાવભર્યું આમંત્રણ





BRAIN-VITA

- Boost Your Brain Power
- Through Finger Print Scanner
- Inborn Talent
- Hidden Potential
- Career Selections
- 8 Types of intelligence
- Learning Abilities

90 mins COUNSELING
48 Pg REPORT
DMIT + DMIA
Rs. 3600

BECOME OUR CHANNEL PARTNER

Franchise @ ~~9999~~ 7777/-
Work form Home / Office

- Be Your Own Boss
- Unlimited earning Potential
- No setup Cost

Who can do it?

HOUSE WIFES • TUTION TEACHERS
CAREER CONSULTANT • PROFESSIONALS

www.Brain-Vita.com
Miss Call : 08955664405

ADVT

# જીવદયા....

# માનવ સમજે તો સારું !

**❑ શ્રી ભરતભાઈ બાલુભાઈ શાહ**

તારક તીર્થંકર પરમાત્માએ ફરમાવેલ છે કે જૈનોએ તેમના કર્તવ્યરૂપે પોતાની સંપત્તીનો ઉપયોગ સાતક્ષેત્રે તેમાંય ખાસ કરીને જીવદયા, અનુકંપા, સાધર્મિક ભક્તિમાં ઉલ્લાસભેર કરવો જોઈએ. ૮૪ લાખ ભવના ફેરા ફરી ફરીને શ્રેષ્ઠ એવો મનુષ્ય ભવ મળ્યો છે, ત્યારે સર્વ જીવો પ્રત્યે પ્રેમભાવના રાખવી જોઈએ અને તેમના પ્રત્યે ક્રુર ન બનવું જોઈએ. પ્રાણીઓ જે કુદરત પર આધારિત છે તેઓ પોતાની માત્ર જરૂરિયાત પૂરતો ખોરાક અન્ય જીવોને મારીને લે છે, કારણ કે તેની પાસે બીજો કોઈ ઉપાય નથી, પાળેલાં પ્રાણીઓને બીજા વૈકલ્પીક ખોરાક મળી રહેતા કોઈને મારતા નથી.

આજે જિલેટિનની કેપસ્યુલવાળી દવાઓ આવે છે, તે જિલેટિનવાળી કેપસ્યુલો હાડકાના પાવડરમાંથી ગાય, ભેંસ, ઘેટા વગેરે પશુઓની ચામડીમાંથી, ચરબીમાંથી તેમજ અન્ય પદાર્થીમાંથી બને છે જે આપણે શાકાહારી હોવા છતાંએ દવામાં વાપરીએ છીએ. આરીતે પશુઓને ત્રાસ આપીને રીબાવીને જિલેટિન કેપસ્યુલો વાપરતા પહેલા માનવ સમજે તો સારૂ. આપણી સરકાર શાકાહારી કેપસ્યુલોનો ઉપયોગ માટેના કાયદાની વિચારણા કરી રહી છે અને તેને લગતો ઠરાવ ટુંક સમયમાં આવશે.

માનવ પોતાની જાત માટે લાખો કરોડો રૂપિયા ખર્ચે છે અને તન, મન, ધનની શક્તિ લગાવીને જીવવાનો પ્રયત્ન કરે છે. એક માનવ બીજા માનવને મારે તો સજા થાય છે. જ્યારે માનવ પોતાની ખુશી માટે અબોલ જીવોને અરેરાટી થાય તેવી રીતે મારી મારીને આરોગી આનંદ મેળવે તેને સજા નહીં???

જે જીવો આપણને કોઈને કોઈ રીતે ઉપયોગી છે, જે નુકશાન નથી કરતા તેને કઈ રીતે મરાય? માનવ પણ અમુક ઉંમરે નિઃસહાય બને છે તો તેને આપણે સંભાળીએ છીએ. તો પ્રાણીઓ વૃદ્ધ થાય તો તેને કેમ નહીં સંભાળવાના. **મહાવીરપ્રભુ તો આપણને ''જીવો અને જીવવા દો''નું સૂત્ર આપેલું છે તેને અનુસરીએ તો પણ ભવથી તરી શકાય.**

જીવદયા તો માત્ર અમૂક લોકો જ પાળે તેવું ન હોવું જોઈએ. માનવતા પહેલા જીવદયા આવે તે પાળવાનું દરેક માનવનું કર્તવ્ય છે. માનવ માટે 'જીવોને જીવવા દો' સૂત્ર હોવું જોઈએ, જે જીવો આપણને નુકશાનરૂપ હોય તેનાથી દૂર રહેવું, તેમજ તેવા જીવોનો ઉપદ્રવ ન થાય તેની કાળજી રાખવી. જીવદયા પાળવી તે માનવ માત્રનો ધર્મ છે. માનવતાના જ બીજ જીવદયામાં પણ રહેલા છે. આપણાથી નબળા પશુ પક્ષીઓને જીવવા માટે આપણી સહાયતાની જરૂરત હોય તે માટે મદદ કરવી જોઈએ. તેજ ખરી છે જીવદયા.

**પાટણ મુકામે છેલ્લા ૬ વર્ષથી દરેક વર્ષે માતુશ્રી સોમીબેન બાલુભાઈ કરમચંદ શાહ પરિવાર તરફથી નિઃશુલ્ક પશુસારવાર કેમ્પનું આયોજન થાય છે. આ વર્ષે તા. ૨૫-૯-૨૦૧૬ના રવિવારે પાટણ મુકામે સાતમાં પશુ સારવાર કેમ્પનું આયોજન કરવામાં આવ્યું છે. આ કેમ્પમાં અંદાજે ૧૦૦ ડૉક્ટરો, સર્જનો તેમજ અન્ય સ્ટાફ આવશે. પ્રસ્તુત કેમ્પમાં ગાયનેક, કેન્સર તેમજ અન્ય ઘણી જાતના ઓપરેશનો નિઃશુલ્ક કરવામાં આવે છે. જેને કારણે અબોલ જીવો યાતના સહન કરતા હોય છે તેમને ઘણીજ રાહત થશે. આ કેમ્પમાં જીવદયા પ્રેમીઓ પશુઓની માવજત અને શારિરીક શાતા પામતા જીવોને જાતે આવીને નિહાળશો એજ અભિલાશા.**

આજે ગાય-ભેંસ લીલું સુંકુ - કાચું જે કાંઈ આપે તે ખાઈ લે છે છતાંય તેનું દૂધ, ગોબર અને મુત્ર બધાના ફાયદા માટે છે, છતાંય લોકો પૈસા માટે તેમને વેચે છે અથવા પૈસાથી ખરીદી લે છે. ત્યારબાદ તેમને ખૂબ પીડા ભોગવવી પડે છે. પૈસા માટે જ કતલખાને લઈ જાય છે. ચાર દિવસ સુધી ભૂખ્યા રાખે છે, જેથી તેમનું હેમોગ્લોબાઈન બળીને ચામડી સાથે ચોંટી જાય છે. તેમને ઘસડીને લઈ જવાથી તેઓ બેહોશ થાય છે ત્યારબાદ તેમના ઉપર સખત ગરમપાણી નાખે છે જેથી તરફડી તરફડીને પ્રાણ જાય છે. આ બધું થાય છે, ત્યારે તેમના હૃદયમાંથી આક્રંદ, ચીસ અને કતલથી છૂટવા મરણિયો પ્રયાસ તેઓ કરે છે. અન્ય રીતે ગાય, ભેંસ, બળદ વગેરેના પગ, ડોકું વગેરે યંત્રોથી સજ્જડ બાંધી રાખવામાં આવે છે અને થોડા જ સમયમાં તેમના અંગોના ટુકડા થઈ જાય છે. કસાઈમાં માનવતા હોતી જ નથી. પરંતુ કોઈ માનવ આ વ્યથા જોઈને અથવા સાંભળીને કંઈ વિચારતો નથી કે કોઈએ આવું કોઈપણ જાતનું આચરણ કરવું નહીં.

આજે પાંજરાપોળો મરવાને વાંકે જીવી રહી છે તેના વહિવટદારો હંમેશા ચિંતામાં રહે છે અને નિશ્ચિત પશુની સંખ્યા વધે તો તેઓને ક મને પશુઓને સ્વીકારવાની ના પાડવી પડે છે. ત્યારે તેવા પશુઓ કસાઈઓને વેચી નંખાય છે અથવા તેમને બહાર રખડતા મુકી દેવાય છે. મોટાભાગની પાંજરાપોળમાં ફંડ વગેરેના અભાવે પશુઓને માંડ માંડ સાચવી શકાતા હોય છે. આના માટેનો ઉપાય છે કે કેન્દ્ર સરકાર હવે પોતાના નીતિઆયોગમાં કેન્દ્રમાં મશીનને બદલે પશુને રાખે.

ઉપરોક્ત વિચારધારા મુજબ આપણી સૌની ફરજ બની રહે છે કે પાંજરાપોળોને અદ્યતન અને શ્રેષ્ઠ પાંજરાપોળ બનાવવી જરૂરી છે.

પશુઓનો આતંકવાદઃ હમણા ખાસ કરીને ગુજરાતમાં રસ્તા ઉપર રહેલા પશુઓને ૬/૭ માણસો આવી ઘેનનું ઈન્જેક્શન આપી જતા રહે છે અને બેથી ત્રણ કલાક બાદ બેહોશ થયેલ પશુને મરણ પામેલા દેખાડીને ઉપાડીને કતલખાને લઈ જાય છે. આ પ્રવૃત્તી ધીમે વધતી જાય છે. તેથી પાંજરાપોળમાં પણ સિક્યુરીટી રાખવી જરૂરી છે.

આપણી સરકારે આ ગંભીર બાબતોને ધ્યાનમાં લઈને પશુઓને બચાવવાના કાર્યો કરવા જરૂરી છે. અને સમગ્ર જનતાનો સહકાર મેળવી ઉત્તમોત્તમ જીવ રક્ષા કરવી જરૂરી છે.

# શૈશવના સંસ્મરણો

જૂન માસ આવ્યો અને ગ્રિસ્મ કાલીન રજાઓની થઈ પૂર્ણાહુતી. નવા વર્ગમાં નવા નવા ચહેરાઓ સાથે પૂનઃ બેસવાનું, નવો અભ્યાસક્રમ શિખવાનો, બાળપણ એટલે ૪ વર્ષથી ૧૪ વર્ષનો કાળ, સુવર્ણ યુગ જ્યારે ના કોઈ ભવિષ્યની ચિંત્તા ના કોઈ જવાબદારી, હા વર્ષ ના બગડે માટે વાર્ષિક પરીક્ષા સમયે ભણવામાં ધ્યાન રાખવાનું બાકી તો બસ પોતાનામાં જ મસ્ત રહેવાનું.

ગ્રિષ્મકાલીન રજાઓમાં કદાચ કોઈ હીલ સ્ટેશને ગયા હોઈશુ, કદાચ કોઈ લગ્ન પ્રસંગે ગયા હોઈશુ અથવા હરવા ફરવાના નવા નવા સ્થળોએ ફર્યા હોઈશુ, પણ કેટલા દિવસ ? પૂર્ણ વેકેશન તો નહીં જ ને ? તો શું કર્યું સમગ્ર રજાઓ દરમ્યાન આવો પ્રશ્ન સહજ ઉદ્‌ભવે.

મારા બાળપણ દરમ્યાનની વાત કરું તો રહેવાનું મસ્જીદબંદરની ચાલી સીસ્ટમવાળા મકાનમાં રવિવાર કે તહેવારોની રજાઓ હોય કે વેકેશન અમારે ટાઈમપાસ કરવા અંગે કાંઈ જ વિચારવું નહોતું પડતું, હાકલ પાડી ઊંચા સ્વરે અજીત, નિલેશ, જીજ્ઞેશ, જગ્ગુ, નિતીન, ટપ્પુ, વિજયા, નિતા વગેરે અને સૌ હાજર પ્રાંગણમાં લઈને લખોટી, રચ્યુ વર્તુળ અને મુકી નિયમાનુસાર અને વારાફરતી દાવ રમતા, જીતી જનારના મોઢે મુશ્કાન અને હારનારને પણ કોઈ સંતાપ નહીં.

લખોટીથી કંટાળ્યા તો ગીલ્લી-દંડા રમવાનું, ગલીમા ગર્દી થાય તો ચોગાનમાં થપ્પો કે ડબા આઈસપાઈસ રમવાની, એક થી દસ ગણવાનું ત્યાં તો સર્વે સંતાઈ જતાં અને દાવ દેનાર ખુણે - ખાચરેથી શોધી તેમનો થપ્પો કે ડબ્બા આઈસપાઈસ કરવાની

બેસીને ચાલીમાં કે ઘરમાં રમવું હોય તો સાપસીડી-લ્યુડો, શૂન્ય ચોકડીની રમત, ગંજીફાની વિવિધ નિર્દોષ રમતો રમવાની, રમકડાની ઘરવખરીથી ઘરઘર પણ રમવાનું. નવો વ્યાપાર રમતા રમતા ધંધાકીય જ્ઞાન પણ મેળવવાનું, બુદ્ધિ ચાતુર્યની રમત ચેસ તો જાણે ચાલુ જ હોય તેમ રમ્યા કરવાની, આટલી રમતોથી કંટાળ્યા તો કેરમ રમવા બેસી જવાનું, જે એકલા પણ રમીએ અને સાથીદાર બનાવીને પણ રમવાનું.

સાત ટપરીઓની લગોરી રચવાની અને ગેંદ દ્વારા ફોડવાની અને લગોરી મુકવા આવે તેને બોલ મારી આઉટ કરવાનું. કોડી લાવી ચાર જણની શતરંજ રમવાની, કાચની તુટેલી બંગડીઓ ભેગી કરી વર્તુળાકાર બેસવાનું જેનો દાવ આવે તે નાખે ટુકડાઓ અને એક એક ટુકડો કરતા કાઢવાનો અને ધ્યાન પણ રાખવાનું બીજો ટુકડો હલી ના જાય તેનો, અન્યથા આઉટ.

લંગડી, પકડદાવ, ખો ખો તો દૈનિક રમતો રમાતી, ક્યારેક સાંકડી પણ રમી લેતા, દોરડા કુદવાના, વાંસની દાંડી સાથે જોડાયેલ કાગળની ચકરડી લઈને દોડવું અને ફરતી ચકરડી જોઈ ખુશ થવું, ભમરડો ફેરવવો, ફરતા ભમરડાને હાથ ઉપર લઈ બીજાના ભમરડાને દૂર ધકેલવો. આરસના નાના લખોટાથી કોયબા રમવાનું જેમાં દૂરથી બે ગોટા એક વર્તુળમાં નાખવાના અને હરીફ કહે તે ગોટાને દૂરથી મારવાનો.

ઘરે એકલા બેસીને પણ ગંજીફાની ઢગલાબાજી રમવાની. જેમા કલર ઉપર કલર અને નંબર ઉપર નંબર આવતા ખુશ. આ ગંજીફાના પાનાઓના મહેલ બનાવવો, સાબુના પાણીના ફુગ્ગા બનાવી ઉડાવવા, મદારીને વાંદરાના ખેલ જોવાના. દૂર મોટા મેદાનમાં સરકસ આવે તો કલાકાર કસબીઓના કરતબ અને જોકરના અટકચાળા જોઈ આનંદ લુટવાનો, આનંદ મેળો ભરાય તેમાં નાના મોટા ચકરડામાં ફરવાનું, પીપુડા ખરીદી વગાડવાના, બાયોસ્કોપમાં આવતા ચિત્રો જોવાના.

રમત રમતા મારા મારી પણ થતી, વિવાદ પણ થતો, પણ સાંજ પડે કે બીજી સવારે પાછા એકઠા થઈ ધીંગા-મસ્તી ને ધમાલ કરતા, ઘરે આવવાની હાકલ પડે તો આવું છું આવું છું કહી પંદર-વીસ મિનિટ તો કાઢી જ નાખવાની, પાશ-પડોશની રાવ ઘરે જાય તો માના હાથનો મેથીપાક પણ ખાવાનો.

આ બધી રમતોમાં ખર્ચ ઓછો અને આનંદ વધુ , અનાયાસે વ્યાયામ પણ થઈ જાય. મનોરંજન પણ મળે, બહારની શુદ્ધ હવા પણ મળે અને બુદ્ધિ પ્રતિભા પણ ખીલે. ક્યારેય સવાલ જ મનમાં ના ઉદ્‌ભવતો કંટાળો આવે છે, શું કરીશું. દરેક રમતોનું પોતાનું વૈશિષ્ટ હોય અને હાર-જીત પણ હોય. આવી રમતોમાં વ્યુહરચના ઘડવી, જોખમ લેવું, આગેવાની કરવી, નિશાન તાકવા ઈત્યાદિ પણ શીખવા મળતું સાથોસાથ શરીર ખડતલ, સુડોળ, કસાયેલું બને તે નફામાં.

આજના પ્લેસ્ટેશન, ગેઝેટના જમાનામાં આ બધી રમતો આઉટ ડેટેડ થઈ ગઈ છે જેનું સ્થાન લઈ લીધું છે વીડીયો ગેમ, આઈપેડ, કે કૉમ્પ્યુટર - ટેબલેટે. ગેમ એપ્લીકેશન ડાઉન લોડ કરી, દબાવ્યા બટન આમ તેમ આડા-અવળા, બસ સ્પર્ધક પણ આપણે અને હરીફ પણ આપણે, વિજય પણ આપણો અને પરાજ્ય પણ! પરંતુ તેમાં અસલ રમતોની મૌલિકતા, મજા કે ઉલ્લાસ ઉમંગ ક્યા ? ત્યારે દયા આવે છે આધુનિકતામાં ઉછરેલ બાળકો અને તેના બાળપણની.

તહેવાર કોઈપણ આવે જોડાઈ જવાનું હોંશભેર, ઉતરાયણમાં કપાયેલ પતંગો ભેગી કરવા દોડાદોડી કરવાની, નવરાત્રીમાં સ્તુતિ બોલવા માઈક માટે પડાપડી કરવાની. ગરબા અને દાંડિયા તો રમવાના જ, જ્યાં સુધી ઢોલ વાગે ત્યા સુધી. બેસતા વરસે નવા વસ્ત્રો પરિધાન કરી ઘરે ઘરે સાલમુબારક કરી મોઢુ મીઠું કરવાનું, ગણેશ ઉત્સવમાં પ્રસાદના બહાને વારેઘડી દર્શન કરવા જવાનું, રાત્રે રસ્તા ઉપર મોટી સ્ક્રીન ઉપર ચલચિત્રો જોવાના, હોળી તો ભાઈ ધરાઈને રમવાની. ગુડીપડવો અને મહારાષ્ટ્રદિનના સંધ્યાટાણે મોટા ઢોલના તાલે ઘાટીમામાઓની સાથે તાલ મેળવતા લેઝીમના દાવ પણ રમવાના.

જિંદગીના ઉત્સાહ, ઉમંગ અને સ્વપ્નોથી ભરેલા એ માસુમ દિવસો જાણે બહુ પાછળ છૂટી ગયા હોય એમ લાગે છે, દિવસભરની એ ધમાચકડી, બાળકોના ટોળા હવે ક્યાં દેખાય છે ? ઉંમરને લગતી તે ચંચળતા, બાળસહજ મસ્તીઓ, અલ્લડપણુ હવે ક્યાં રહ્યું છે ?

આમ આજે ક્રિકેટના ક્રેઝમાં વિસરાઈ ગયેલ રમતોની સાથે જ ખોવાયેલ શૈશવ યાદ આવે છે ત્યારે પુનઃ ભૂતકાળના સુમધુર સંસ્મરણોમાં સરી પડવાનું મન થઈ જાય, પુનઃ કિલ્લોલ કરતા બાળક બની જવાનું મન થાય છે, કારણ તે રમતો જ મારું, તમારુ કે આપણું બાળપણ હતું.

ના કંઈ મેળવવાની આશા, ના કોઈ ખોવાનો ડર,
બસ પોતાની જ ધૂન, પોતાના જ સ્વપ્નાઓનું ઘર,
કાશ.... ક્યાંક મળી જાય પુનઃ મને બાળપણનો પ્રહર.

❑ **જ્ઞાનેશ જયચંદ લાપસીયા**

# જાણવા જેવું : ગુજરાતી કહેવતો...તમને કેટલી કહેવત યાદ છે ?

- બોલે તેના બોર વહેચાય
- ના બોલવામાં નવ ગુણ
- ઉજ્જડ ગામમાં એરંડો પ્રધાન
- ગાંડી સાસરે ન જાય અને ડાહ્યીને શીખામણ આપે
- સંપ ત્યાં જંપ
- બકરું કાઢતા ઉંટ પેઠું
- રાજા, વાજા અને વાંદરાં ત્રણેય સરખાં
- સિદ્ધિ તેને જઈ વરે જે પરસેવે ન્હાય
- બગલમા છૂરી અને ગામમાં ઢંઢેરો
- લૂલી વાસીંદુ વાળે, અને સાત જણને કામે લગાડે
- અધૂરો ઘડો છલકાય ઘણો
- ખાલી ચણો વાગે ઘણો
- પારકી મા જ કાન વિંધે
- જ્યાં ન પહોચે રવિ ત્યા પહોંચે કવિ અને જ્યાં ન પહોંચે કવિ ત્યાં પહોંચે અનુભવી.
- ટીપે ટીપે સરોવર ભરાય
- દૂરથી ડુંગર રળિયામણા
- લોભી હોય ત્યાં ધૂતારા ભૂખે ન મરે
- શેરને માથે સવાશેર
- શેઠની શીખામણ જાંપા સુધી
- હીરો ઘોઘે જઈને આવ્યો અને ડેલીએ હાથ દઈને પાછો આવ્યો.
- બાપ જેવા બેટા ને વડ જેવા ટેટા
- પાડાનાં વાંકે પખાલીને ડામ
- રામ રાખે તેને કોણ ચાખે
- ઊંટના અઢારે વાંકા
- ઝાઝા હાથ રળીયામણાં
- કીડીને કણ ને હાથીને મણ
- સંઘર્યો સાપ પણ કામનો
- ખોદ્યો ડુંગર, નીકળ્યો ઉંદર
- કાશીનું મરણ ને સુરતનું જમણ
- ઝાઝી કીડીઓ સાપને તાણે
- ચેતતા નર સદા સુખી
- સો દાહડાં સાસુના, એક દા'હડો વહુનો
- વાડ થઈને ચીભડાં ગળે
- ઉતાવળે આંબા ન પાકે
- સાપ ગયા અને લીસોટા રહ્યા
- મોરના ઈંડાને ચીતરવા ન પડે
- પાકા ઘડે કાંઠા ન ચડે
- કાશીમાં પણ કાગડા તો કાળા જ
- કૂતરાની પૂંછડી વાંકી ને વાંકી જ

**નોંધઃ વધુ કહેવતો આવતા અંકે આપને પણ આવી કોઈ કહેવતો યાદ હોય તો લખીને મંડળના મુખ્ય કાર્યાલય ખાતે મોકલવા વિનંતી.**

## સમાજનું ગૌરવ

અખિલ ભારતીય મારવાડી જૈન ગુજરાતી મંચ આયોજીત મુંબઈ વિભાગીય ગુજરાતી જૈન એકતા અધિવેશન સમારોહમાં આચાર્ય ડૉ. લોકેશમુનિજીનાં શુભ હસ્તે તા. ૬ જૂન, ૨૦૧૬ રવિવારના રોજ શિવાજી નાટ્ય મંદિર, દાદર ખાતે પાટણ જૈન સમાજના નીચેના ત્રણે વ્યક્તિઓએ સમાજમાં વિવિધ ક્ષેત્રોમાં તેઓએ આપેલા યોગદાન બદલ વિશિષ્ટ એવોર્ડથી સન્માનિત કરવામાં આવેલ છે. આ પ્રસંગે જૈન સમાજના અનેક મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા.

(૧) **શ્રીમતી ભારતી ભગુભાઈ શાહ** : કનાસાનો પાડો - વિલેપાર્લા (વે). **''સમાજ ભૂષણ'' એવોર્ડ**

(૨) **શ્રી વર્ધમાનભાઈ નગીનદાસ શાહ** : કેશુશેઠનો પાડો - દાદર. **''સમાજ ગૌરવ'' એવોર્ડ**

(૩) **શ્રી યોગેશભાઈ નવિનચંદ્ર ઝવેરી** : કેશુશેઠનો પાડો - ઘાટકોપર. **''સમાજ ગૌરવ'' એવોર્ડ**

**સમાજને ગૌરવ અપાવનાર ઉપરોક્ત ત્રણે વિરલાઓને બિરદાવતા અભિનંદન તેમજ સમાજસેવા ક્ષેત્રે તેઓનું યોગદાન ઉત્તરોત્તર વધવા પામે તેવી શુભેચ્છા**


## MATRIMONIAL

**Name** : **PRIYANKA BHARAT SHAH**
**Cast** : Visha Shrimali - Shwetambar Jain
**Father** : Bharat Navinchandra Shah
**Mother** : Varsha Bharat Shah (Housewife)
**DOB** : 27-06-1985 **Time :** 8.40am. Mumbai
**Weight** : 50Kg. **Hight :** 5'1"
**Edu.** : B.Com & PGDBE (Finance) Vadodara
**Occupation** : Involved in Self & Father's Business
**Resi.** : 104, 1st Floor, Aagam Apartment, Opp. Kewal Apt., Near Mehul Jain Soci., Subhanpura, Vadodara - 390023.
**Contact** : 9824343220 / 8488008899
**Native Place:** Manmohanjini Sheri, Fofaliya Wado Patan (North Gujarat)
**Mosal** : Ajitbhai Ratilal Shroff Susla, Walkeshwar, Mumbai.
**Email ID** : bharatshah.vadodara@gmail.com

ADVT

## MATRIMONIAL

**Name** : **ADITI YOGESH SHAH**
**Father** : Yogesh Pratapchand Shah
**Mother** : Paresha Yogesh Shah
**DOB** : 12-11-1989
**Time** : 8.55 am. Vadodara (Manglik)
**Hight** : 5'3"
**Native Place:** Keshusethno Pado - Patan
**Education** : Chartered Accountant Job in MNC.
**Residence** : C/47 Shilpa, Azad Road, Near Vishal Hall, Andheri (E), Mumbai - 400069
**Contact No.:** 93222311342 / 8291257127 26838025 (Resi)
**Email ID** : ca_aditishah@yahoo.com

ADVT

## સંસ્થા સમાચાર

❖ **પ્રાચીન ઐતિહાસિક ધર્મનગરી પાટણમાં જૈનોના પ્રસિદ્ધ યાત્રાધામ પંચાસરા પાર્શ્વનાથ જિનાલયની ૬૧મી વર્ષગાંઠ** પૂ. આચાર્ય ભગવંત જગચંદ્ર સુરીશ્વરજી તથા પ.પૂ.આ. ભગવંત સોમચંદ્ર સુરીશ્વરજી મ.સા.ની નિશ્રામાં ભક્તિ-સંગીતના માહોલમાં પૂજા-પાઠ સાથે ઉમંગભેર ઉજવવામાં આવી. આ પ્રસંગે પંચાસરા પાર્શ્વનાથજી પ્રભુને સુંદર અંગરચના કરવામાં આવી હતી. આ પ્રસંગે જેઠ સુદ ચોથના રોજ પંચાસરા પાર્શ્વનાથ મહાવીર સ્વામી, તથા ચંદ્રપ્રભુ સ્વામી ભગવાનના ચઢાવા લઈ અઢાર અભિષેક તથા ૫૨ જિનાલયોના દાતા પરિવારજનો તેમજ અન્ય ઉપસ્થિત શ્રાવક શ્રાવિકાઓ દ્વારા અઢાર અભિષેક, રાત્રે ભાવનામાં ૧૦૮ દીવાની આરતી કરાઈ હતી. જેઠ સુદ પાચમના રોજ સવારે ૯ કલાકે પ્રભુજીની અષ્ટપ્રકારી પૂજા, સત્તરભેદી પૂજન તેમજ ૯મી પૂજામાં જિનાલયની બાવન દેરીઓ તથા શ્રી પંચાસરા પાર્શ્વનાથ ભગવાનની ધજા ચઢાવાઈ હતી. મૂળનાયકની ધજાનો ચઢાવો બોલવામાં આવેલ. પ્રભુજીને આંગી સાથે રાત્રે ભાવના યોજાયેલ. આ પ્રસંગે પાટણ, મુંબઈ તથા અન્યત્ર વસતા દાતા પરિવારજનો, જિનાલયના ટ્રસ્ટીઓ તેમજ અન્ય ભાઈ-બહેનો દ્વારા ઉપસ્થિત રહી પ્રસંગને શોભાયમાન બનાવવામાં આવેલ.

સાલગીરી પ્રસંગે દર વર્ષની માફક ચાલુ સાલે પણ શ્રીમતી જાશુદબેન મફતલાલ વાડીલાલ ધાયણોજવાળા પરિવાર તરફથી જમણવાર રાખવામાં આવેલ.

❖ **શ્રી પાટણ વર્ધમાન તપ આયંબીલ સંસ્થા દ્વારા આયોજન થયેલ** સંવત ૨૦૭૨ની ચૈત્રમાસની શાશ્વતી ઓળીનો લાભ તંબોલીવાડાવાડાના શ્રીમતી જશવંતીબેન અમૃતલાલ રીખવચંદ શાહ પરિવારે લીધેલ. તેમાં રોજના ૨૦૦ આરાધકો તથા ૬૦-૭૦ સાધુ-સાધ્વી ભગવંતો લાભ લીધેલ.

❖ **Scholarship Schemes:** Shri Mahavira Jaina Vidyalaya gives scholarships, Prizes and financial assistance to the students for their studies in India and Abroad under it's various schemes as detailed below.

**1.** Loan Scholarship for post graduation study in Foreign Country amounting to Rs. 1,00,000/- to Rs. 2,00,000/- for Swetamber Murtipujak Students.

**2.** Loan Scholarship under Smt. Indumati S. Vasa Higher Education Loan Scheme for Professional Courses after graduation in India to all Jain Students.

**3.** Loan Scholarship to Swetamber Murtipujak Jain GIRLS students perusing C.A. Course under Smt. Hiralaxmi R. Scheme.

**4.** General Scholarship to all Swetamber Murtipujak Jain Students for the study up to Graduation.

For more details Cont. Mahaveer Jain Vidhyalay - 022-26250381/0376

## દિવ્યાંગ ઉત્કર્ષ સમિતિ – દિશા

દિવ્યાંગની સંસ્થામાં આવીને દિવ્યાંગ શબ્દની નવી વ્યાખ્યા જડી વિશિષ્ટ કલા જેના અંગે અંગમાં છે તે દિવ્યાંગ અપંગ નથી પણ જુદી રીતે સક્ષમ છે. Disabled નથી પણ Diffrentleyable છે.

આ બાળકોના આનંદ માટે ૧૦-૬-૨૦૧૬ના રોજ હંમેશાની જેમ રસપૂરીનું જમણનું આયોજન કરવામાં આવ્યું તે માટેનું ઉત્તમ પ્લેટફોર્મ WIAA Club (મલબારહીલ ક્લબ) પુરૂ પાડે છે અને આ ઉત્તમ વ્યવસ્થા ક્લબના ઓનરરી મંત્રી શ્રી નિતિનભાઈ શાહ કરી આપે છે તથા સમગ્ર પ્રોગ્રામ દરમ્યાન ખડેપગે હાજર રહ્યા હતા. તેમના દ્વારા અપાયેલ લન્ચ બોક્ષની ગિફ્ટ પણ સુંદર હતી તે બદલ ખૂબ ખૂબ આભાર.

આ પ્રસંગે ડૉ. નૈમીષભાઈ તથા ડૉ. મનીષાબેન સી. દ્વારા રૂટીન ચેકઅપ તથા વાલીઓને ઉત્તમ માર્ગદર્શન પૂરૂ પાડવામાં આવ્યું જે આગલા વરસે કરેલા ચેકઅપની એક લીંક હતી. કમિટિના સેક્રેટરી, ડૉક્ટરો અને જે.કે. શાહની ચર્ચા પછી નક્કી કરવામાં આવ્યું છે. આપણા આ એડલ્ટ બાળકોનું ફુલ બોડી ચેકઅપ કરવાનું ખૂબજ જરૂરી છે. ખૂબ ખૂબ આભાર આપણા આ ડૉક્ટર દંપત્તીનો.

આ પ્રસંગે અહીના કોર્પોરેટર શ્રીમતી જ્યોત્સનાબેન મહેતાની ઉપસ્થિતિ ઘણી જ ઉપયોગી થઈ. તેમના દ્વારા દરેક બાળકને છત્રીનું વિતરણ કરવામાં આવ્યું તે બદલ આભાર.

આ સુંદર પ્રોગ્રામના લાભાર્થી શ્રીમતી અમીબેન અને તુષારભાઈ હતા જેમના આર્થિક સહયોગ બદલ અંતઃકરણપૂર્વક આભાર વ્યક્ત કરવામાં આવે છે.

આ ઉપરાંત પાટણ ખાતે કાર્યરત બાબુ અમીચંદ પનાલાલ આદિશ્વરજી જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ કાર્યશાળાના બાળકોને તથા શિક્ષકોને શ્રીમતી ઉષાબેન તથા શ્રીમતી ગીતાબેન દ્વારા કેરીના બોક્ષનું વિતરણ કરવામાં આવ્યું તે ઘણું અનુમોદનીય છે.

❑ **વિકલાંગ ઉત્કર્ષ સમિતિ**


**DMIT (Finger Print Analysis)**

What does the analysis measure?
- Behaviour pattern based on personality profiling
- Multiple intelligence
- Left and Right brain potential
- Preferred learning styles
- Different Quotients (AQ, IQ, CQ, EQ)
- Preferred Career options

Get an in depth foresight into your innate capabilities and ways to maximise your potential!

Age group - 6 months to 70 years

**For appointment or queries contact:**
**Karishma Shah 9820113059**

SYNERGY
BRAIN POWER SOLUTIONS

## સાભાર સ્વીકાર

**એસ.કે. કૉલેજ ઓફ સાયન્સ એન્ડ ટેક્નોલોજી**

૩૫,૦૦,૦૦૦/- સેવંતીલાલ કાંતિલાલ ટ્રસ્ટ (કુંભારીયાપાડો)

**શ્રીમતી ભગવતીબેન કાંતિલાલ સાલવી એજ્યુકેશન સેન્ટર**

૨૫,૦૦,૦૦૦/- શ્રી હેમંતભાઈ કાંતિલાલ શાહ (સાલવીવાડો)

**મેડીકલ સહાય કોરપસ ફંડ**

૧,૭૫,૦૦૦/- શ્રી રાજુભાઈ નવિનચંદ્ર મણીયાર (ચોધરની શેરી)
શ્રીમતી ભાવિતાબેન રાજુભાઈ મણીયાર
હ. શ્રી શ્યામોલી - શાયલી રાજુભાઈ મણીયાર

**શૈક્ષણિક સહાય તથા મેડીકલ સહાય કોરપસ ફંડ**

૭૦,૦૦૦/- શ્રી નિતિનભાઈ રમણલાલ શાહ (તંબોલી વાડો)
શ્રી સનીભાઈ નિતિનભાઈ શાહના લગ્ન
ચિ. શ્રૃતિ મહેન્દ્રભાઈ ઝોય સાથે થયાની ખુશાલીમાં

**સિદ્ધહેમ જ્ઞાનપીઠ ભેટ**

૨૧,૦૦૦/- સ્વ. શ્રીમતી હેમલતાબેન નવિનચંદ્ર શાહ પરિવાર (વખતજીની શેરી)

૨૧,૦૦૦/- સ્વ. શ્રીમતી વિમળાબેન પ્રેમચંદ શાહ પરિવાર (વખતજીની શેરી)

૨૦,૦૦૦/- શ્રીમતી દમયંતીબેન મંગળભાઈ શાહ (લખિયારવાડો)
સ્વ. શ્રીમતી વિમળાબેન પ્રેમચંદ શાહ તથા
સ્વ. શ્રીમતી હેમલતાબેન નવિનચંદ્ર શાહના સ્મરણાર્થે

**શિક્ષણ સહાય ભેટ**

૨૧,૦૦૦/- શ્રીમતી પ્રમીલાબેન રવિકાંતભાઈ શાહ (શાંતિનાથની પોળ)

**વૃદ્ધજન સહાય ભેટ**

૧૧,૦૦૦/- શ્રીમતી મીનાબેન ગીરીશભાઈ શાહ (ભાભાનો પાડો)
સ્વ. શ્રી ગીરીશભાઈ ભગવાનદાસ શાહના સ્મરણાર્થે

**શિક્ષણ સહાય ભેટ**

૧૦,૦૦૦/- શ્રી શૈલીબેન રાજેશભાઈ શાહ (ફોફ. પોળની શેરી)

**હેલ્થકેર સાધન ભેટ**

૫,૦૦૦/- શ્રી યોગેનભાઈ રસિકલાલ ઝવેરી (ઢંઢેરવાડો)
સ્વ. શ્રીમતી નિર્મળાબેન રસિકલાલ ઝવેરીના સ્મરણાર્થે

૫,૦૦૦/- શ્રી મોહીનીબેન એલ. જૈન

## શુભ વિવાહ

**સંવત ૨૦૭૨, ચૈત્ર વદ ૪ મંગળવાર, તા. ૨૬-૪-૨૦૧૬**

શ્રી કેતનભાઈ હસમુખલાલ શાહના સુપુત્ર **ચિ. રિકીન** (ખેતરવસી)
શ્રી દિનેશભાઈ શિવશંકર બિહાનીની સુપુત્રી **ચિ. નુપુર** ( - )

**સંવત ૨૦૭૨, ચૈત્ર વદ ૧૦ સોમવાર, તા. ૨-૫-૨૦૧૬**

શ્રી નિતિનભાઈ રમણલાલ શાહના સુપુત્ર **ચિ. સની** (તંબોલીવાડો)
શ્રી મહેન્દ્રભાઈ ચીમનલાલ ઝોયની સુપુત્રી **ચિ. શ્રૃતિ** ( - )


**નાનુ હોય કે મોટુ રહ્યું, દાન તો માનવીએ કરવું જ રહ્યું**

**દાદર કબૂતરખાના - દાદર, મુંબઈ - ૨૮**

એક ગુણી ચણના રૂા. ૧૦૦૦/- | બારેમાસ દર મહિને એક ગુણીના રૂા. ૧૨૦૦૦/- | કાયમી રકમના વ્યાજમાં આજીવન રૂા. ૫૧૦૦૦/-

**સંપર્ક : વર્ધમાન શાહ**

ફોન: 24309755 • 22814211 • મો. 9821344338

સંસ્થાને આપેલ દાન ઈન્કમટેક્ષ ૮૦જી કલમ હેઠળ કરમાફીને પાત્ર છે.

ADVT


## શ્રદ્ધાંજલિ

સમાજની નીચે જણાવેલ વ્યક્તિઓના દુઃખદ અવસાનની સખેદ નોંધ લઈ, તેઓના પરિવારના દુઃખમાં સહભાગી થઈ સંવેદનાની લાગણી વ્યક્ત કરીએ છીએ. પરમકૃપાળુ પરમાત્મા સદ્‌ગતના આત્માને ચિરશાંતિ અર્પે એ જ પ્રાર્થના !

| જ્ઞાતિ | મહોલ્લો | સ્વર્ગસ્થનું નામ | વય | સ્થળ | તારીખ | તિથિ |
|---|---|---|---|---|---|---|
| વિશા શ્રીમાળી | મણિયાતી પાડો | રસિકલાલ દલપતચંદ શાહ (નગરશેઠ) | ૯૧ | ગોરેગામ | ૧૬-૦૫-૨૦૧૬ | વૈશાખ સુદ-૧૦ |
| વિશા પોરવાળ | વખતજીની શેરી | હેમલતાબેન નવીનચંદ્ર શાહ | ૮૦ | વાલકેશ્વર | ૧૭-૦૫-૨૦૧૬ | વૈશાખ સુદ-૧૧ |
| વિશા પોરવાળ | વખતજીની શેરી | વિમળાબેન પ્રેમચંદ શાહ | ૮૬ | ચર્ચગેટ | ૧૭-૦૫-૨૦૧૬ | વૈશાખ સુદ-૧૧ |
| વિશા શ્રીમાળી | લીમડીનો પાડો | લીલાવતીબેન ભગવાનદાસ શાહ | ૮૧ | સુરત | ૧૮-૦૫-૨૦૧૬ | વૈશાખ સુદ-૧૨ * |
| દશા શ્રીમાળી | માર. મહેતાનો પાડો | ઉર્મીલાબેન નવીનચંદ્ર શાહ | ૭૪ | બોરીવલી | ૨૩-૦૫-૨૦૧૬ | વૈશાખ વદ-૦૨ |
| વિશા શ્રીમાળી | શાંતિનાથની પોળ | ધીરેન્દ્રભાઈ કપૂરચંદ જૈન | ૭૦ | ભાયંદર | ૨૩-૦૫-૨૦૧૬ | વૈશાખ વદ-૦૨ |
| વિશા શ્રીમાળી | ભાભાનો પાડો | ભગવાનદાસ મણીલાલ શાહ | ૯૩ | વિલેપાર્લા | ૨૫-૦૫-૨૦૧૬ | વૈશાખ વદ-૦૩ |
| દશા ઓસવાલ | ખેજડાનો પાડો | હરિશભાઈ છોટાલાલ શાહ | ૭૪ | નવસારી | ૦૨-૦૬-૨૦૧૬ | વૈશાખ વદ-૧૨ |
| વિશા શ્રીમાળી | વાસુપૂજ્યની શેરી | સ્નેહલતાબેન લલીતભાઈ શાહ | ૭૯ | વિલેપાર્લા | ૦૩-૦૬-૨૦૧૬ | વૈશાખ વદ-૧૩ |
| વિશા પોરવાળ | સંઘવીનો પાડો | છાયાબેન દિપકભાઈ શાહ | ૫૭ | સી.પી.ટેન્ક | ૦૬-૦૬-૨૦૧૬ | જેઠ સુદ - ૦૨ |
| વિશા શ્રીમાળી | કનાસાનો પાડો | ફાલ્ગુની ફીરોઝભાઈ શાહ | ૫૬ | વિલેપાર્લા | ૦૮-૦૬-૨૦૧૬ | જેઠ સુદ - ૦૪ * |
| વિશા શ્રીમાળી | વાસુપૂજ્યની શેરી | નયનાબેન વિજયકુમાર શાહ | ૬૦ | દહીંસર | ૧૦-૦૬-૨૦૧૬ | જેઠ સુદ - ૦૬ |

* ચક્ષુદાન કરેલ છે ✹ દેહદાન કરેલ છે ● ત્વચાદાન + અંગદાન * * દેહદાન કરો અને કરાવો (યુવાનીમાં રક્તદાન, મૃત્યુબાદ ચક્ષુદાન)

# પાટણ જીવદયા યાત્રા




શ્રી લાલેશભાઈનું સન્માન કરતા
શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ



શ્રી જાગૃતિબેનનું સન્માન કરતા શ્રીમતી કલ્પનાબેન
એન. શાહ તથા શ્રીમતી ભારતીબેન વાય. ઝવેરી




શ્રી નટુભાઈ પટેલનું સન્માન કરતા
શ્રી યશવંતભાઈ ઝવેરી

વૈશાખ વદ અમાસને રવિવાર, તા. ૫-૬-૨૦૧૬ના સવારે ૫.૩૦ કલાકે પાટણ પંચાસરથી વાજતે-ગાજતે ૪૦૦ જેટલા ભાઈઓ-બહેનો ગુરુભગવંતોની નિશ્રામાં ખલીપુર ખાતે પધાર્યા હતા. રસ્તામાં શ્રી પાટણ જૈન મંડળ છાત્રાલયના દેવવીમાનસમા જિનાલયના દર્શન કરીને સૌ ખલીપુરખાતે પધાર્યા હતા.

આ પ્રસંગે મુંબઈથી પાટણ પાંજરાપોળના ટ્રસ્ટીશ્રી નીરંજનભાઈ અમૃતલાલ, શ્રી યશવંતભાઈ ઝવેરી તેમજ શ્રી દિપકભાઈ રેવંતીલાલ, શ્રી નિખીલભાઈ રવિન્દ્રભાઈ, પાટણ નગરપાલિકાના પ્રમુખ શ્રી જાગૃતિબેન, પાટણ કોંગ્રેસના પ્રમુખ શ્રી લાલેશભાઈ ઠક્કર, પશુ નિયામક શ્રી નટુભાઈ પટેલ વિગેરે. અનેક આગેવાનો ઉપસ્થિત રહ્યા હતા.

આ આયોજનનો મુખ્ય ઉદ્દેશ પાંજરાપોળમાં ચાલતી જીવદયાની પ્રવૃત્તિ વિશે પધારેલ સર્વે ભાઈબહેનોને અવગત કરાવવાનો હતો.

આ પ્રસંગે સોનામાં સુગંધ ભળે તે રીતે પૂજ્ય જગ્ગચંદ્ર સૂરીશ્વરજી તથા પૂર્ણચન્દ્રવિજયજી મહારાજ વિશાળ શિષ્યવૃન્દ સાથે ઉપસ્થિત હતા. તેમનું નાની બાળાઓએ નૃત્ય દ્વારા સ્વાગત કર્યું હતું. ત્યારબાદ પૂ. આચાર્ય ભગવંતે જીવદયાનું મહત્વ સમજાવ્યું હતું. એ પછી પ.પૂ. શ્રી પૂર્ણચંદ્ર વિજયજી મહારાજે પણ પશુઓની વેદના અંગે હૃદયસ્પર્શી વક્તવ્ય આપ્યું હતું. પાંજરાપોળના પાટણ ખાતેના સેક્રેટરી શ્રી વિક્રમભાઈએ આ કાર્યક્રમ અંગેની સવિસ્તર માહિતી આપી હતી.

મંગળાચરણ બાદ હાજર રહેલા વિશિષ્ટ મહાનુભાવોનું મુંબઈથી પધારેલ પાંજરાપોળના હોદ્દેદારોએ અભિવાદન કર્યું હતું. ત્યારબાદ પાટણના જે આગેવાનો પાંજરાપોળને પ્રત્યક્ષ કે પરોક્ષ રીતે મદદરૂપ થઈ રહ્યા છે, તેમનું પણ અભિવાદન કરવામાં આવ્યું હતું. શ્રી પાટણ પાંજરાપોળને વિવિધ પ્રસંગે દાન આપનાર વિવિધ દાતાઓનું પણ સન્માન કરવામાં આવ્યું હતું.

કાર્યક્રમની શરૂઆતમાં પાટણ પાંજરાપોળના સેક્રેટરી શ્રી મુક્તિભાઈએ આવેલા સંઘનું સ્વાગત કર્યું હતું. પાટણ પાંજરાપોળના કર્મચારીઓનો આભાર માન્યો હતો તથા પાટણ પાંજરાપોળને પોતાના તરફથી રૂા. એક લાખનું દાન આપવાનું જાહેર કર્યું હતું.

આ પ્રસંગે પાટણ નગરપાલિકાના પ્રમુખ જાગૃતિબેન તથા શ્રી લાલેશભાઈ ઠક્કરે આ જીવદયાના કાર્યને બીરદાવ્યું હતું. આ આગેવાનોએ પાંજરાપોળને સંપૂર્ણ સહકાર આપવાની ખાત્રી આપી હતી.

આ પ્રસંગે પાટણ જૈન જાગૃતિના પ્રમુખ શ્રી મુકેશભાઈ તથા અન્ય સભ્યો હાજર રહ્યા હતા. પાટણ કનાસાના પાડાના શ્રી ભુવનવિજયજી પાઠશાળાના ટ્રસ્ટીશ્રી યતીનભાઈ પણ પાઠશાળાના વિદ્યાર્થીઓ સાથે હાજર રહ્યા હતા.

પૂ. ગુરુભગવંતોએ સાંજ સુધી પાંજરાપોળમાં સ્થિરતા કરી હતી અને પાંજરાપોળના વિવિધ વિભાગોની મુલાકાત લઈને કર્મચારીઓને જીવદયાનું મહત્વ સમજાવ્યું હતું. તે બદલ પાટણ પાંજરાપોળ પૂ. ગુરુભગવંતોનો આભાર માને છે.



આધુનિક સુવિધા
સભર પશુ શેડ



પ.પૂ.આ. જગ્ગચંદ્ર સૂરિશ્વરજી મ.સા. સાથે
પગપાળા ચાલતા શ્રી દિપકભાઈ, શ્રી નિખીલભાઈ
અને શ્રી વિપુલભાઈ.



કાર્યક્રમમાં ઉપસ્થિત આમંત્રિત મહેમાનો,
હોદ્દેદારો તથા સમિતિના સભ્યો

# શ્રી પાટણ જૈન મંડળમાં પ્રાપ્ત થયેલ ભેટના દાતાશ્રી
## ઓક્ટોબર ૨૦૧૫-માર્ચ ૨૦૧૬


શ્રીમતી જયલીલાબેન વીપીનચંદ્ર શાહ
(રૂા. ૨ લાખ)


શ્રી મહેન્દ્રભાઈ જેશીંગલાલ શાહ
(રૂા. ૨ લાખ)


શ્રી નિરંજનભાઈ અમૃતલાલ શાહ
(રૂા. ૨ લાખ)


શ્રીમતી દમયંતિબેન નવીનચંદ્ર શાહ
(રૂા. ૧.૨૫ લાખ)


શ્રી પ્રીયવદનભાઈ ખુબચંદ શાહ
(રૂા. ૧.૨૫ લાખ)


શ્રી સંજયભાઈ રમેશચંદ્ર શાહ
(રૂા. ૧.૨૫ લાખ)


શ્રી જયણાબેન પ્રફુલચંદ્ર શાહ
(રૂા. ૧.૨૫ લાખ)


શ્રી નરેશભાઈ સેવંતીલાલ ગાંધી
(રૂા. ૧.૨૫ લાખ)


શ્રીમતી સોનમ વિશાલ શાહ
(રૂા. ૧.૨૫ લાખ)


શ્રીમતી સ્મીતાબેન હેમંતભાઈ શાહ
(રૂા. ૧.૨૫ લાખ)


શ્રી હેમંતભાઈ વૃજલાલ શાહ
(રૂા. ૧.૨૫ લાખ)

# શ્રી પાટણ જૈન મંડળમાં પ્રાપ્ત થયેલ ભેટના દાતાશ્રી
## ઓક્ટોબર ૨૦૧૫-માર્ચ ૨૦૧૬

(બાબુ અમીચંદ પનાલાલ આદેશ્વરજી જૈન ટેમ્પલ ચેરીટેબલ ટ્રસ્ટ, વાલકેશ્વર)


બાબુ અમીચંદ પનાલાલ


શેઠાણી કુવરબાઈ અમીચંદ પનાલાલ


બાબુ ભરતકુમાર રાજેન્દ્રકુમાર ઝવેરી


શ્રીમતી સાધનાબેન મહેન્દ્રભાઈ શાહ
(રૂા. ૬.૫૦ લાખ)


શ્રીમતી નીરૂબેન સેવંતીલાલ શાહ
(રૂા. ૫.૫૦ લાખ)


શ્રી કંદર્પભાઈ સેવંતીલાલ ખાંડવાલા
(રૂા. ૩ લાખ)


શ્રી રમણલાલ પોપટલાલ શાહ
(રૂા. ૩ લાખ)


શ્રી મહેન્દ્રભાઈ શાંતિલાલ શાહ
(રૂા. ૩ લાખ)


શ્રી હિતેનભાઈ ચંપકલાલ શાહ (વીમાવાળા)
(રૂા. ૨ લાખ)


શ્રીમતી શાંતાબેન પોપટલાલ શાહ
(રૂા. ૨ લાખ)


શ્રી પ્રેમચંદ નગીનદાસ તેલીયાવાળા
(રૂા. ૨ લાખ)


શ્રીમતી હીરાબેન પોપટલાલ શાહ
(રૂા. ૨ લાખ)

Postal Regd. No. MCS / O84 / 2015-17 W.P.P. License No. MR/TECH/WPP-120/South /2016.
PATAN PRATIBIMB ● May 2016 ● PRICE Rs. 2/- ● Published on 20th of every month
● Posted at Patrika Chennel Sorting Office, Mumbai-400001 on 25th and 26th of everymonth.

# શ્રી પાટણ જૈન મંડળ




સંચાલિત

## શેઠ પ્રમોદકુમાર કેશવલાલ અતિથિગૃહ

### પીપળાશેર, ટાંગડીયાવાડો, પાટણ

ગ્રાઉન્ડ ફ્લોર તથા ત્રણ મજલાનું મકાન ધરાવતું અતિથિગૃહ ખાતે લિફ્ટ સાથે તાજેતરમાં નૂતનીકરણમાં આધુનિક સગવડતાઓ અને સુવીધાઓ ધરાવતા ૧૯ સેલ્ફકન્ટેઈન્ડ બ્લોકો તૈયાર કરવામાં આવેલ છે.



### વિશેષ આકર્ષણ



- સુવિધા ધરાવતી અદ્યતન લિફ્ટ
- પ્રત્યેક બ્લોકમાં LCD ટીવી
- એરકન્ડીશન - નોન એસી બ્લોક
- પ્યુરીફાઈડ વોટર કુલર - અંગ્રેજી ટોયલેટ
- ગરમપાણીની સુવિધાર્થે ગીઝર
- દૈનિક અખબાર - સામાયિક - વાંચન સામગ્રી
- અશક્ત, વૃદ્ધજનો માટે ગ્રાઉન્ડ ફ્લોરમાં ઉતારાની વ્યવસ્થા
- અતિથિગૃહની લગોલગ નવકારશી, બપોરનું જમવાનું તથા ચોવીહારની સગવડતા સહ જૈન ભોજનશાળા
- અતિથિગૃહની નજદીક પંચાસરા પાર્શ્વનાથ જિનાલય
- મહોલ્લાના ઓચ્છવ, જિનાલય પ્રતિષ્ઠા કે લગ્ન પ્રસંગે ગ્રુપ બ્લોક બુકીંગની સગવડ
- બ્લોક બુકીંગ માટે મુંબઈ ખાતે સુવિધા



**પાટણ ખાતે યાત્રાર્થે, જીનાલય સાલગીરી, લગ્ન પ્રસંગ કે મહોલ્લાના ઉત્સવો માટે પાટણ પધારો ત્યારે આપણા જ અતિથિગૃહમાં ઉતરવાનો આગ્રહ રાખો.**

**Programs for July 2016**

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **Soci & Eco.** | Sun | **10-July** | Asd S 6 | 9.30 am | PJM Sabhagruh | **PTN BUSINESS GRP** |

**Tentative Programs for Forthcoming Months**

| S No | Committee | Day | Date | Tithi | Time | Place | Program |
|---|---|---|---|---|---|---|---|
| 1 | **Program** | Mon | **15-Aug** | Srvan S 12 | 9 am | Hindi Vidhyabhavan | **Vyakhyan** |

Printed & Published by CHANDRAVADAN SARABHAI SHAH on behalf of SHRI PATAN JAIN MANDAL and Printed at Fakhri Printing Works, 312/A, Byculla Service Industries, Dadaji Konddev Cross Road, Byculla, Mumbai-400027. And Published at 77, Patan Jain Mandal Marg, Marine Drive, Mumbai-400020.
**Editor : CHANDRAVADAN SARABHAI SHAH**

TO,